GJVD022059762025

**<u>ક્રિ.કેસ. નં. ૧૯૦૫૩૬/૨૦૨૫</u>**

**<u>મે. વડોદરાના જ્યુડી મેજી. ફર્સ્ટ કલાસ (શ્રી શિપ્રા સ્યાલ) સાહેબની કોર્ટ</u>**

**આંક:–**

**ફરીયાદી :–** શ્રી સરકાર....

વિ.

**આરોપી :–** જતિન રમેશભાઈ વસાવા
રહે. ૧૦૮, સુભાનપુરા, સ્લમ કવાર્ટસ તલાવડી,
રામેશ્વર મંદિર પાસે, સુભાનપુરા, વડોદરા

**<u>ગુન્હો :–</u>** <u>ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબ.</u>

***<u>–: : ઠરાવ : :–</u>***

(૧) ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપીએ તા.૨૧/૦૯/૨૦૨૫ ના કલાક–૧૮/૩૦ વાગે મોજે સુભાનપુરા તલાવડી રામેશ્વર મંદિર પાસે વગર પાસ પરમીટે પોતાનામાં કબજામાં ગેરકાયદેસર રીતે દેશી દારુ લી.૦૮/– કિ.રૂા.૧૬૦૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈ, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫–એએ મુજબનો ગુનો કરેલ હોઈ તે અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપી ઉપર બી.એન.એસ.એસની કલમ–૨૬૩ હેઠળ તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ તેમજ તેઓએ રજૂઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે, જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે. તેમજ હવે પછી આવી ભુલ નહી કરવાની ખાત્રી આપી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા

છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબૂલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામા આવેલ છે.

(૩) આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનાં ગુન્હાનુ તહોમત છે. તેમજ સદર ગુનાની જોગવાઈ જોતાં તેમાં અમુક સમયથી ઓછી નહી તેટલી સજા ફરમાવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોય તે ધ્યાને લેતા તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ તેમની રજૂઆતો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા અસમર્થ જણાતા હોય તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. જેથી જો આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ મહતમ સજા કરવાના બદલે નીચે મુજબ સજા કરવાનુ ન્યાયી અને ઉચિત માનું છું અને ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરમાવું છું.

***<u>–:: હુકમ ::–</u>***

આ કામના આરોપીને બી.એન.એસ.એસની કલમ–૨૬૪ અન્વયે તેની સામેના ધી ગુજરાત પોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂ.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)** દંડ અને દંડની રકમ ના ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખઃ ૧૩મી, માહે: ડીસેમ્બર, સને: ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : વડોદરા

**(શિપ્રા સ્યાલ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા
**(GJ-01724)**

(મિલન.એન.વણકર) ગુજ. સ્ટેનોગ્રાફર